# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BANGLADESHI - DHARPAKAD

અમદાવાદની ગુનાશોધક શાખાએ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર કાર્યવાહી કરીને ગેરકાયેદસર રીતે વસતા 15 બાંગલાદેશીઓનો દેશ નિકાલ કર્યો છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું છે કે, પોલિસે સગીર છોકરીઓની હેરાફેરી કરનારા વ્યક્તિઓની ઓળખ અને ધરપકડ કરી છે અને ગેરકાયદેસર રીતે ભારતમાં રહેવા માટે નકલી ભારતીય દસ્તાવેજો બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કોમ્બિંગ ઓપરેશન દરમિયાન ૫૦ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સની અટકાયત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

# CM – ANUPAM SHALA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ઝુલાસણ ગામે  અનુપમ પ્રાથમિક શાળાના નવીન મકાનનું લોકાર્પણ તેમજ નામકરણ કર્યું હતું.  આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીનાં માર્ગદર્શનમાં રાજ્યના ગામડાઓ સુવિધાસભર બન્યા છે. તેમણે ઝુલાસણ ગામમાં વિકાસના કાર્યો માટે સરકારના સહયોગની ખાતરી આપી હતી. તેમણે મહેસાણા જિલ્લાની શાળાઓમાં દીકરીઓના નામાંકનમાં થયેલ પ્રગતિને બિરદાવી હતી. શ્રી પટેલે સરકારના પર્યાવરણલક્ષી અભિયાનમાં સહભાગી થવા માટે અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . . .

# NURSING STAFF BHARATI SCAM

રાજ્યમાં નર્સિંગ સ્ટાફની ભરતી માટેની પરીક્ષામાં ABCD કાંડ સામે આવ્યો છે. તાજેતરમાં લેવાયેલ સ્ટાફ નર્સ પરીક્ષાની આન્સર કી માં જે જવાબો આપવામાં આવ્યા છે તેને લઈને કૌભાંડની આશંકા સેવાઈ રહી છે. આ તમામ આન્સર કીમાં ક્રમબદ્ધ ABCD જવાબ આપવામાં આવ્યા છે. જેથી આ કોઈ ચોક્કસ ઉમેદવાર માટે ગોઠવણ કરવામા આવી હોય તેવું ચર્ચાઈ રહ્યું છે.

આ વિવાદ મુદ્દે ગાંધીનગરમાં પરીક્ષા લેનાર GTU ના રજીસ્ટ્રાર અને આરોગ્ય કમિશનર વચ્ચે બેઠક યોજાઈ હતી, જેમાં પરીક્ષાના એનાલિસિસ સંદર્ભે સમીક્ષા કરવામાં આવી હતી.

આ અંગે , GTUના રજીસ્ટ્રાર કે એન ખેરે વધુ માહીતી આપી હતી.

## (બાઇટ – કે.એન.ખેર, રજીસ્ટ્રાર, GTU)

. . . . . . . . . . . .

# W.KUTCH-STHANIK SWARAJ ELE.

રાજ્યભરમાં 16 ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

કચ્છમાં રાપર અને ભચાઉ નગરપાલિકાની ચૂંટણી માટે જિલ્લા કલેકટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાપર નગરપાલિકામાં 26 મતદાન મથકો પર 200 કર્મચારીઓ ફરજ બજાવશે, જ્યાં 23 હજારથી વધુ મતદારો  મતદાન કરશે. પાંચ સંવેદનશીલ બુથ

પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે અને કાયદો-વ્યવસ્થા જાળવવા 150 સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવશે.

કુલ 14 શાળા-હાઇસ્કૂલના મકાનોમાં મતદાન મથકો ઊભા કરવામાં આવશે. ભચાઉ નગરપાલિકામાં 18 મતદાન મથક પર 90 કર્મચારીઓ ફરજ બજાવશે.

. . . . . . . . . . . .

## Gandhidham biodiesel seized

પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે  ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી 24 હજાર 895 લીટર ગેરકાયદેસર બાયોડીઝલ નો જથ્થો ઝડપી પાડ્યો છે. કોઈપણ પ્રકારના પુરાવા અને બિલ વગરનો  પેટ્રોલિયમ પેદાશનો જથ્થો મળી આવતા સ્થાનિક ગુના શાખાએ કાર્યવાહી કરી હતી.

પોલિસે કન્ઝ્યુમર પંપ તથા ડીઝલ સંગ્રહ કરવાનો ટાંકો અને ડીઝલ સહિત કુલ 19  લાખનો 91 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . .

## Unjha Terminal

પશ્ચિમ રેલેવના અમદાવાદ મંડળમાં મહેસાણા-પાલનપુર વિભાગમાં ઉંઝા રેલવે સ્ટેશન પર માલની અવરજવરને ધ્યાનમાં રાખીને નવું ટર્મિનલ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. અમદાવાદ મંડળના વાણિજ્યિક વિભાગ દ્વારા બની રહેલાં આ ટર્મિનલને વિશેષ કન્ટેન્ટર રેલ ટર્મિનલનો દરજ્જો આપવામાં આવ્યો છે.

જીરુ, વરિયાળી, ધાણા, સરસવ, મેથી, ઇસબગુલ, રાઇ જેવા મસાલાના વેપાર માટે પ્રસિધ્ધ ઉંઝાથી ગુજરાત બહાર આ ચીજો મોકલવામાં મુશ્કેલી પડતી હતી. જો કે આ સુવિધા શરૂ થાય તે પછી વેપારીઓ દેશ વિદેશમાં ઊંઝાનાં પ્રસિધ્ધ મસાલા મોકલી શકશે, જેને કારણે તેમને પોતાની પેદાશોનાં સારા ભાવ મળશે, એટલું જ નહીં, રેલવેને પણ વધારાની આવક થશે.

પ્રારંભમાં અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ અને સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશને ઉંઝાથી કન્ટેનર ટ્રેન શરૂ કરવામાં રસ વ્યક્ત કર્યો છે. આ બંને કંપનીઓએ વાર્ષિક 65 હજાર કન્ટેન્ટર દ્વારા માલ વહન કરવાની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ કરીને મુંદ્રા પોર્ટ સુધી પરિવહન માટે આ સુવિધા મદદરૂપ સાબિત થશે. આ ટર્મિનલથી ઉંઝા મહત્વનાં લોજિસ્ટિક્સ અને નિકાસ કેન્દ્ર તરીકે મજબૂત થશે.

. . . . . . . . . . . .

# MORBI- PAPER MILL

મોરબી પેપરમિલ ઉદ્યોગમાં કુલ 75માંથી 23 મિલ બંધ છે. વૈશ્વિક નિકાસ બંધ થતા પેપર મિલ ઉદ્યોગ ને મોટો ફટકો પડ્યો છે. સમગ્ર દેશનાં કુલ પેપર ઉત્પાદનમાં ગુજરાતનો 33 ટકા હિસ્સો છે. મોરબી પેપરમિલ એસોસિએશને

નિકાસમાં પ્રોત્સાહન, રો મટીરીયલ, ઈંધણમાં વપરાતા કોલસા અને સોલર પોલિસીમાં રાહતની માંગણી કરી છે.

. . . . . . . . . . . .

## BHARUCH FIRE

ભરુચ જિલ્લાના જંબુસરમાં  આવેલી ટાઈમ ટેક્નોપ્લાસ્ટ કંપનીમાં મોડી રાત્રે ભીષણ આગની ઘટના બની હતી. અમારા ભરૂચના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે પ્લાસ્ટિકના ડ્રમ બનાવતી આ કંપનીમાં અચાનક લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને ફાયર વિભાગની 12 ગાડીઓએ નવ કલાકની જહેમત બાદ કાબૂમાં લીધી હતી. જો કે કોઇ જાનહાનિના અહેવાલ નથી.

. . . . . . . . . . . .

## CRICKET- 3ND ODI

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની છેલ્લી મેચ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે શરૂ થઈ છે. જેમા ઈંગ્લેન્ડે ટોસ જીતીને બોલીંગ પસંદ કરી છે. અમને મળતા અહેવાલ પ્રમાણે ભારતે 13.4 ઓવરમાં 1 વિકેટે 89 રન કર્યા છે. રોહિત શર્મા બે બોલમાં એક રને આઉટ થયાં હતાં.

ભારતીય ટીમ પહેલાથી જ શ્રેણીમાં 2-0થી અજેય લીડ મેળવી ચૂકી છે.

ઉલ્લેખનીય છે કે મેચના કારણે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા રાત્રે 12 વાગ્યા સુધી લંબાવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

## Arvalli Sports

અરવલ્લી જિલ્લામાં પ્રજ્ઞાચક્ષુ રમતવીરો માટે જિલ્લા કક્ષાનો રમતોત્સવ ઉજવાયો હતો. સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાત, રમત-ગમત અધિકારીની કચેરી અરવલ્લી તેમજ રાષ્ટ્રીય અંધજન મંડળ અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે મોડાસા કૉલેજ ગ્રાઉન્ડ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં ગોળાફેંક, બરછી ફેંક સહિતની વિવિધ રમતો યોજાવામાં આવી હતી..

. . . . . . . . . . . .